
# 3. છત્રી



**રતિલાલ બોરીસાગર**
**જન્મ : ઈ.સ. ૧૯૩૮**

ડૉ. રતિલાલ બોરીસાગરનો જન્મ અમરેલી જિલ્લાના સાવરકુંડલા ગામમાં થયો હતો. તેઓએ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં વરસો સુધી સેવાઓ આપી હતી. તેમના હાસ્યલેખોમાં ખાસ કરીને માણસના જીવનની સામાન્ય-અસામાન્ય, ચિત્રવિચિત્ર ખાસિયતોમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. ગુજરાતી હાસ્ય સાહિત્યમાં તેઓએ પોતીકી એક શૈલી વિકસાવી છે. 'મરક મરક' અને 'આનંદલોક'એ તેમના જાણીતા હાસ્યગ્રંથો છે. આ ગ્રંથોને વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

નિબંધ એ ગદ્ય સાહિત્યનો એક પ્રકાર છે. આ કૃતિ બોધ, ઉપદેશ સાથેનો પ્રચારાત્મક સાથેનો એક નિબંધ પ્રકાર છે. મૂળ શબ્દ નિબંધ છે. જેમાં કોઈ બંધન નથી તે નિબંધ. નિબંધ માટે અંગ્રેજીમાં 'એસે' શબ્દ છે. જેનો અર્થ થાય છે 'કોઈપણ વિષય ઉપર પોતાના વિચાર વ્યવસ્થિત રીતે રજૂ કરવાનો પ્રયત્ન.' ગદ્ય સાહિત્યમાં જેમ લલિત નિબંધ હોય તેમ આ હાસ્ય-નિબંધ છે. તેમાં પ્રધાન રસ હાસ્ય અને મર્મ છે. હળવી શૈલીમાં વિનોદથી ભરપૂર ગંભીરપણે લખાયેલ લખાણને નિબંધિકા પણ કહેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે હાસ્યરસ નિષ્પન્ન થતો હોય છે.

લેખક છત્રી ખરીદવા જાય છે ત્યાંથી નિબંધની શરૂઆત થાય છે. વારંવાર છત્રી ભૂલવાની ટેવ છે. તેથી ખરીદવી પડે છે. આ માટે કોઈ સલાહ આપે છે કે છત્રી પર નામ-સરનામું લખી રાખો. જેથી કોઈ પરત કરવા પોસ્ટકાર્ડ લખે. ખરેખર એમ જ બને છે. છત્રી લીધાના વીસેક દિવસ પછી રાજકોટથી પત્ર આવે છે. પણ રાજકોટ છત્રી લેવા જવાનું બધાના મતે અવ્યવહારું ગણાય. તેમ છતાં લેખક છત્રી લેવા જાય છે. પણ છત્રી ન મળી તે ન જ મળી ઉલટાનો ખર્ચ થયો તે જુદો ! આમ માનવજીવનના રોજબરોજના બનાવો ને એમ હળવી શૈલીમાં મૂકી હાસ્યરસ નીપજાવ્યો છે.

---

મોસમનો પહેલો વરસાદ પડ્યો ત્યારે હું છત્રી લેવા શહેરના એક જાણીતા સ્ટોરમાં ગયો અને નાની નાજુક છત્રી બતાવવા કહ્યું. દુકાનદારે જુદી જુદી સાઇઝની કેટલીક છત્રીઓ બતાવી. એક શ્યામલ શ્યામા છત્રી મને ગમી. મેં એ છત્રી ખરીદી. દુકાનદાર ક્યારના મારી સામે ધારીધારીને જોઈ રહ્યા છે ને કશુંક યાદ કરવાનો પ્રયત્ન કરે છે એમ મને લાગ્યું. કોઈ ગ્રાહક ઉધાર છત્રી ખરીદી ગયો હશે અને મારા જેવો જ દેખાતો હશે તો શું થશે એ વિચારે હું થોડો ગભરાયો. છત્રીના પૈસા આપી, છત્રી લઈ હું જવા કરતો હતો ત્યાં દુકાનદારે પૂછ્યું, 'સાહેબ ! (કાકાને બદલે સાહેબ કહ્યું એ મને ગમ્યું – પરિસ્થિતિમાં જોકે એનાથી ખાસ કશો ફરક નહોતો પડતો તોય જરા સારું લાગ્યું !) તમે ગઈ સાલ છત્રી લેવા આવેલા ખરા ?'

'ગઈ સાલ જ નહિ, એની પહેલાંની સાલે પણ છત્રી લેવા આવેલો. ગઈ સાલની પહેલાંની સાલની સાલે પણ મેં ખરીદેલી. અલબત્ત, એ બીજી કોઈ દુકાનેથી ખરીદેલી.'

'પણ સાહેબ, અમારી છત્રી એમ વરસ દિવસમાં તૂટી ન જાય. અમારી છત્રી ખૂબ ટકાઉ હોય છે.'

'તે હશે. હું ના નથી પાડતો. તમારી છત્રી ટકાઉ હશે જ. પણ તમારી છત્રી મારી પાસે ટકતી નથી. ખોવાય જ નહિ એવી છત્રી તમે રાખો છો ?'

'એવી છત્રી તો અમે નથી રાખતા, કદાચ કોઈ નહિ રાખતું હોય એટલે છત્રી તમારી પાસે ટકે એવો ઉપાય તમારે જ શોધી કાઢવો પડે.'

પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે આખા રાજ્યની ધરતી ચામડાથી મઢી દેવાનો હુકમ કરનારા રાજાને એક માણસે કુંવર માટે ચામડાના બૂટ સીવી આપ્યા હતા. કદાચ રવીન્દ્રનાથ ટાગોરની આ વાર્તા છે. જગતને સુધારવાના મિથ્યા પ્રયત્નો છોડી જાતને સુધારવાનો ઉપદેશ કવિવરે કદાચ નહિ વાંચ્યો હોય – કદાચ ટાગોર વિશે એ ખાસ કશું જાણતા પણ નહિ હોય. પરંતુ તેઓ મને કદી ખોવાય નહિ એવી છત્રી શોધવાનાં ફાંફાં મારવાનું છોડી છત્રી ખોવાય જ નહિ એવો ઉપાય શોધવા સમજાવી રહ્યા હતા. તેમની વાત મને સાચી લાગી. પરંતુ જ્ઞાન મળવા માત્રથી કશું વળતું નથી અને મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનું એટલું સહેલું નથી.

છત્રી ન ખોવાય એ માટે મેં કશા ઉપાયો કર્યા જ નથી એવું ન કહેવાય. છતાં મારા સાનિધ્યમાં કોઈ પણ છત્રી એટલી બધી ચંચળ બની જાય છે કે મારો ત્યાગ કરતાં એને સહેજે વાર લાગતી નથી. દુકાનેથી લઈને ઘર સુધી પહોંચતા સુધીમાં પણ છત્રી ખોઈ નાખવાના વિક્રમો મેં એકથી વધુ વાર નોંધાવ્યા છે !

'તમે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખો. એ દોરી સાથે છત્રી બાંધો, છત્રી ખૂલી શકે એટલી મોટી દોરી રાખજો. વરસાદમાં ભીની થયેલી છત્રીથી શર્ટ ભીનું ન થાય એ માટે ઉપરના ભાગે ઓછાડ વીંટી રાખજો.'

'તમે છત્રી સાચવવા તમારી સાથે ને સાથે ફરે એવો પગારદાર માણસ રાખો. કેટલાક લોકો બહાર જવાનું હોય તેટલા વખત પૂરતો ડ્રાઈવર રાખે છે તેમ તમે આવો બે-ત્રણ કલાક પૂરતો પગારદાર માણસ રાખી શકો.'

'તમે ચાતુર્માસમાં ઘરે જ રહો. એકટાણાં કરો ને પ્રભુભજન કરો. છત્રી ખરીદવી જ નહિ પડે એટલે પછી ખોવાવાનો પ્રશ્ન જ નહિ રહે !'

'છત્રી ઉપર તમારું નામ-સરનામું લખાવો. કદાચ કોઈને જડે તો પોસ્ટકાર્ડ લખીને તમને જાણ કરી શકે.'

છત્રી ન ખોવાય એ માટે ઉપરની ને ઉપરના જેવી ઘણી સલાહો મને મળી. કેટલીક સલાહો તો મળ્યા પછીની પાંચ જ મિનિટમાં હું ભૂલી ગયો. કેટલીક સલાહોનો અમલ કરવાનું ઘણું મુશ્કેલ લાગ્યું. પણ છત્રી પર નામ-સરનામું લખાવવાની સલાહનો અમલ કરવા જેવું છે એમ મને લાગ્યું. એટલે આ વખતે લીધેલી નવી છત્રી પર મારું પૂરું નામ, વિગતવાર સરનામું, ટેલિફોન નંબર વગેરે બધું જ લખાવ્યું. વરસાદના પાણીથી ભૂંસાઈ ન જાય એવા પાકા રંગથી લખાવ્યું. મારો વિચાર તો મારો આખો બાયોડેટા લખાવવાનો હતો. પણ મેં સંયમ રાખ્યો.

છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડ્યો. છત્રી લીધાના વીસેક દિવસ પછી મને રાજકોટથી પત્ર મળ્યો. અમદાવાદ-રાજકોટની મુસાફરી દરમિયાન પોતાની છત્રીને બદલે ભૂલથી મારી છત્રી આવી ગયાનો એકરાર એ પત્રમાં હતો. ક્ષમાયાચના કરી હતી ને એમની છત્રી મારી પાસે ન આવી હોય તોપણ મારી છત્રી લઈ જવા ઘટતું કરવા જણાવ્યું હતું. આ દિવસોમાં વરસાદ નહોતો એટલે મારી છત્રી ખોવાઈ છે એની ખબર મને આ પત્ર મળ્યો ત્યારે જ પડી ! જે માણસ પોતાની

છત્રી સાચવી ન શક્યો એ માણસ બીજાની છત્રી સાચવીને લઈ આવ્યો હોય એવી પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી. મેં પત્ર લખીને આ સજ્જનનો આભાર માન્યો અને એમની છત્રી મારી પાસે ન હોવાનું જણાવી દિલગીરી વ્યક્ત કરી અને મારી છત્રી મેળવી લેવા ઘટતું કરવાનું વચન આપ્યું.

રાજકોટ રૂબરૂ જઈને પત્રમાં આપેલા સરનામેથી છત્રી મેળવી લેવા સિવાય છત્રી પાછી મેળવવાનો બીજો કોઈ ઉપાય સૂઝ્યો નહિ. આ ઉપાય મારા સિવાય સૌને નકામો લાગ્યો.

રાજકોટ જવા-આવવાના બસભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય. બીજો વધારાનો ખર્ચ ગણીએ - રિક્ષાભાડા-ચા-પાણી-નાસ્તો વગેર - તો ત્રણસો-સાડાત્રણસો રૂપિયા થઈ જાય. એટલે રાજકોટ છત્રી લેવા જવાનું વ્યવહારુ ન કહેવાય, કદાચ મૂર્ખાઈભર્યું કહેવાય એવો સૌનો મત હતો. પણ હું મક્કમ રહ્યો. આમાં પૈસાનો પ્રશ્ન નહોતો. પોતાની છત્રી ગઈ હોવા છતાં બીજા માણસની છત્રી એને પરત કરવાની એમની ભાવના અને પ્રામાણિકતાની કદર કરવાનો પ્રશ્ન હતો. પણ આવી સૂક્ષ્મ રીતે આ જગતમાં કેટલા લોકો વિચારે છે ! બધાં ભલે ગમે તે કહે, પણ છત્રી લેવા રાજકોટ તો શું રશિયા જવું પડે તોપણ જવું જોઈએ એવો મારો દૃઢ મત હતો.

રાજકોટ ગયો. છત્રી પાછી મેળવી. પેલા સજ્જનનો આભાર માન્યો. વળતી બસમાં અમદાવાદ પાછો આવ્યો... પણ... પણ.... અમદાવાદ ઊતરતી વખતે બસમાં છત્રી ભૂલી ગયો ! ઘરે ગયા પછી સૌએ પૂછ્યું ત્યારે જ યાદ આવ્યું. તરત પાછો બસની ઑફિસે ગયો. પણ કોઈએ છત્રી જમા કરાવી નહોતી. રિક્ષાભાડાના જવાઆવવાના બીજા એંશી રૂપિયા થયા.

પછીના દિવસે છત્રીના સ્ટોરમાં જઈ મેં છત્રી માગી. દુકાનદારે સ્મિત કર્યું. મેં પણ સામું સ્મિત કર્યું.

## ટિપ્પણ

**મોસમ** - ઋતુ **ગ્રાહક** - ખરીદનાર **ટકાઉ** - ટકી રહે તેવું, મજબૂત **ફાંફાં મારવા** - નકામા પ્રયત્ન કરવા **આચરણ** - અમલ **સાનિધ્ય** - સમીપતા, નજીક **ચંચળ** - ડગમગતુ, ચાલાક **ઓછાડ** - ઢાંકવા પાથરવાનું વસ્ત્ર, ચાદર **ચાતુર્માસ** - ચાર માસનો સમૂહ, ગુજરાતી મહિના પ્રમાણે અષાઢ, શ્રાવણ, ભાદરવો ને આસો આ ચાર માસનો સમૂહ **એકટાણું** - એક ટંક જમવું તે **કારગત નીવડ્યો** - સફળ નીવડ્યો **એકરાર** - કબૂલાત, હા પાડવી તે **ક્ષમાયાચના** - ક્ષમા માગવી **દિલગીરી** - નાખુશી **મક્કમ** - અડગ.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખકને કેવી છત્રી પસંદ પડી ?
2. દુકાનદારનું કયું સંબોધન લેખકને ગમ્યું ?
3. દુકાનદારના મત અનુસાર લેખકે શાનો ઉપાય શોધવો પડે ?
4. લેખકે કઈ બાબતનો વિક્રમ વારંવાર નોંધાવ્યો છે ?
5. લેખકને મળેલા પત્રમાં શું લખેલું હતું ?
6. છત્રી અંગે લેખકની દૃઢ માન્યતા શું હતી ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. દુકાનદારને જોતાં લેખક શા માટે ગભરાયા ?
2. છત્રીની ખરીદી કરવા વિશે લેખક દુકાનદારને શું કહે છે ?
3. ટાગોરની વાર્તામાંથી આપણને શો બોધપાઠ મળે છે ?
4. લેખકનો કયો ઉપાય છત્રીને બચાવવા માટે કારગત નિવડ્યો ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. છત્રી ખોવાઈ ન જાય તે માટે લેખકને મળેલી વિવિધ સલાહનું વર્ણન કરો.
2. રાજકોટ રૂબરૂ જઈને છત્રી પાછી મેળવવાનો ઉપાય લેખકને કેમ નિરર્થક લાગ્યો તે સ્પષ્ટ કરો.
3. રૂબરૂ જઈને છત્રી મેળવ્યા પછી શું બન્યું તે વર્ણવો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

સાલ, ઉપાય, રાજા, ક્ષમા

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શ્યામ, ટકાઉ, ખરીદી, ઉધાર, મુશ્કેલ

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

પરીસ્થિતી, દીલગિરી, ચર્તુમાસ

**આટલું કરો**

1. એકપાત્રીય અભિનય દ્વારા આ ગદ્યને પ્રાર્થનાસભામાં રજૂ કરો.
2. કશું ભૂલાઈ જવાને કારણે તમારા જીવનમાં બનેલા હાસ્યપ્રસંગો મિત્રોને કહો.
3. એક વાર્તાની જેમ આ ગદ્યને તમારા ભાઈ-બહેન સમક્ષ કહો.

•

# સંધિ - 1

## સંધિ

નીચેના શબ્દો વાંચો

સત્ય+આગ્રહ = સત્યાગ્રહ

મહા+આત્મા = મહાત્મા

વિદ્યા+અભ્યાસ = વિદ્યાભ્યાસ

સત્+ઉપયોગ = સદુપયોગ

હવે શોધી કાઢો કે આ ચાર સંધિમાં કઈ સંધિ જુદી છે ? હા, ચોથી સંધિ જુદી છે. પહેલી ત્રણ સંધિ વિશે તમે આગળના ધોરણમાં ભણ્યા. તેમાં સ્વર+સ્વર ભેગા મળીને નવો ધ્વનિ બનાવે છે. જ્યારે ચોથી સંધિમાં વ્યંજનસ્વર ભેગા મળીને નવો ધ્વનિ બનાવે છે.

હવે સમજાયું હશે કે જ્યારે સ્વર+સ્વર ભેગા મળી નવો ધ્વનિ બનાવે તે સ્વર સંધિ અને વ્યંજન +વ્યંજન કે વ્યંજન+સ્વર કે સ્વર+વ્યંજન ભેગા મળી નવો ધ્વનિ બનાવે તે વ્યંજન ધ્વનિ. આમ સંધિના બે પ્રકાર પાડવામાં આવે છે (i) સ્વર સંધિ અને (ii) વ્યંજન સંધિ. સ્વરસંધિ વિશે આપણે આગળના ધોરણમાં ભણીને આવ્યા. હવે વ્યંજન સંધિ વિશે જોઈશું.

બે શબ્દો એકબીજા સાથે જોડાતા પહેલા શબ્દના અંતનો સ્વર/વ્યંજન, બીજા શબ્દના આરંભના સ્વર/વ્યંજન સાથે જોડાય અને કોઈ નવો જ ધ્વનિ નિર્માણ થાય ત્યારે વ્યંજન સંધિ થઈ કહેવાય.

દા.ત. નિસ્+અંકુશ = નિરંકુશ.

**વ્યંજન સંધિના કેટલાક નિયમો**

1. પહેલા શબ્દના અંતમાં સ હોય અને બીજા શબ્દના આરંભમાં ક, ખ, પ, ફ, કે ટ હોય તો સ નો ષ સંભળાય છે.

દા.ત. ધનુસ્+કોટિ = ધનુષ્કોટિ

નિસ્+ફળ = નિષ્ફળ

ધનુસ્+ટંકાર = ધનુષ્ટંકાર

2. પહેલા શબ્દના અંતમાં સ હોય અને બીજા શબ્દના આરંભમાં આ, ઉ, ગ, જ, ભ, ઘ, બ જેવા વ્યંજનો હોય તો સ નો ર સંભળાય છે.

દાત. દુસ+આચાર = દુરાચાર

નિસ્+ભય = નિર્ભય

નિસ્+જન = નિર્જન

દુસ્+બળ = દુર્બળ

3. ર પછી ચ કે છ આવે તો શ સંભળાય છે. ક્યારેક ર નો વિસર્ગ અથવા ષ પણ સંભળાય છે.

દા.ત. અંતર+ચક્ષુ = અંતચક્ષુ

પુનર+ચ = પુનશ્ચ
અંતર+છિદ્ર = અંતછિંદ્ર

4. ર પછી પ, ક, ફ આવે તો ષ સંભળાય છે.

દા.ત. ચતુર+પાદ = ચતુષ્પાદ
ચતુર+કોણ = ચતુષ્કોણ
ચતુર+ફલક = ચતુષ્ફલક

**નોંધ :-** પુનર્જીવન, પુનર્ઘટન, અન્તર્મુખ, અંતદ્વાર,અંતર્ગત, અંતધ્વનિ, પુર્નલગ્ન, ચતુવર્ણ વગેરેમાં ચતુર્વનો ચતુર થઈને જેમનો તેમ રહે છે.

હવે પછીના બીજા કેટલાક નિયમો આગળ જોઈશું.